# વિકાસ સપ્તાહ હેકાથોન ૨૦૨૫ સ્પર્ધા અંતર્ગત વિદ્યાર્થીઓ માટે જરૂરી સૂચનાઓ

## Important instructions for the participating students in the Vikas Saptah Hackathon 2025 Competition

1. વિકાસ સપ્તાહ હેકાથોન ૨૦૨૫ નું આયોજન નીચે જણાવ્યા મુજબ નક્કી કરવામા આવેલ છે.
   The Vikas Saptah Hackathon 2025 is scheduled at the following place.

| તારીખ અને સમય<br>Date and Time | સેન્ટરનું નામ<br>Center Name |
|---|---|
| 14/10/2025 , 8:30 AM Onwards<br>૧૪/૧૦/૨૦૨૫, સવારે ૮:૩૦ વાગ્યેથી | PDEU Gandhinagar<br>પીડીઈયુ ગાંધીનગર |

2. વિકાસ સપ્તાહ હેકાથોન ૨૦૨૫ ના નું વિગતવાર સમયપત્રક https://ssipgujarat.in/hackathon25/ ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
   Detailed schedule of Vikas Saptah Hackathon 2025 is available at https://ssipgujarat.in/hackathon25 website.
3. વિકાસ સપ્તાહ હેકાથોન ૨૦૨૫ માં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ પોતાના મેન્ટર સાથે જણાવ્યા મુજબની તારીખ અને સ્થળે સમયસર હાજર રહેવાનું રહેશે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ટીમ સાથે મેન્ટર આવવા હિતાવહ છે.
   Students participating in Vikas Saptah Hackathon 2025 shall have to reach on time along with their mentor at the mentioned date and place. A mentor has to accompany all teams participating in the competition.
4. વિકાસ સપ્તાહ હેકાથોન ૨૦૨૫ માં ભાગ લેવા બાબત નું બાંહેધરી પત્રક તમામ વિદ્યાર્થીઓએ અને મેન્ટરે ભરવાનું રહેશે. અને ભરેલ બાંહેધરી પત્રક સ્પર્ધાના સ્થળે જમા કરાવવાનું રહેશે. બાંહેધરી પત્રકની નકલ https://ssipgujarat.in/hackathon25/ ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
   All students and mentors have to fill the undertaking form to participate in Vikas Saptah Hackathon 2025. The filled undertaking form has to be submitted at the host institute of the competition. The Sample Copy of undertaking form is available at https://ssipgujarat.in/hackathon25 website.
5. આ સ્પર્ધા એક દિવસ માટે છે તથા એક દિવસ માટે સંસ્થા/વતનના સ્થળ થી દૂર રહેવાનુ હોઈ તમામ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લેવા બાબતે માતાપિતાની લેખિત મંજૂરી લેવાની રહેશે. અને તેની વિગતો સ્પર્ધાના સ્થળે જમા કરાવવાનું રહેશે.
   This competition is for one day and all students have to take written permission of their parents to participate in the competition as they have to stay away from the institute/home place for one day and the same has to be submitted to the host institution.
6. વિકાસ સપ્તાહ હેકાથોન ૨૦૨૫ આ તબક્કો Hardware / Software Edition છે, જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ સંબંધિત પ્રોબ્લેમનાં નિરાકરણ માટે Coding કરવાનું થતું હોય તો, વિદ્યાર્થીઓએ પોતાની સાથે પોતાનું લેપટોપ તથા અન્ય જરૂરી એસેસરીઝ/હાર્ડવેર પણ લાવવાની રહેશે. આ લેપટોપમાં જરૂરી સોફ્ટવેર પ્રી-ઈંસ્ટોલ કરવાના રહેશે અને સોફ્ટવેરના લાઈસન્સ સંબંધિત તમામ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
   This phase of the Vikas Saptah Hackathon 2025 is Hardware / Software Edition, in which participating students have to bring their own laptop and other necessary accessories / hardware if they have to do coding to solve the related problem. Necessary software has to be pre-installed in this laptop and the student is solely responsible for the license of the software if any.
7. વિદ્યાર્થીઓએ સ્પર્ધાના દિવસે સમયપત્રકમાં દર્શાવ્યા મુજબ સંબંધિત સ્થળે હાજર રહેવાનુ રહેશે અને પ્રોગ્રામ પૂર્ણ થયે પોતાની સંસ્થા/વતન પરત ફરવાનું રહેશે. આ સ્પર્ધાના દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓએ ટીમ લીડર તથા મેન્ટર ફેકલ્ટી દ્વારા આપવામાં આવતી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

Students have to be present at the respective venue as mentioned in the schedule on the day of the competition and return to their institution/home on completion of the programme. Students have to follow all the instructions given by the team leader and mentor faculty during the day of this competition.

8. સ્પર્ધાના સ્થળે વિદ્યાર્થીઓ માટે ચા-કોફી-નાસ્તો-લંચ ની વ્યવસ્થા સંબંધિત યજમાન સંસ્થા દ્વારા પુરી પાડવામાં આવશે.
   Tea-coffee-breakfast-lunch etc will be provided to the students by the host institution.

9. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ સ્પર્ધાના સ્થળે આપવામાં આવતી તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે તથા શિસ્ત અને સ્વચ્છતા જાળવવાની રહેશે.
   All students participating in the competition must follow all instructions given by the host institution. They shall maintain discipline as well as cleanliness.

10. વિકાસ સપ્તાહહેકાથોન ૨૦૨૫ માં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓની ટીમોએ તેઓના પ્રોબ્લેમના સોલ્યુશન માટે જરુરી પ્રોટોટાઇપ, કમ્પોનંટ અને અન્ય સાધન સામગ્રી સાથે લઇને આવવાનુ રહેશે.
    All the student teams participating in Vikas Saptah Hackathon 2025 will have to bring prototypes, components and other necessary tools needed for the solution of their problem.

11. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ લેપટોપ, મોબાઈલ તથા અન્ય કિમતી સામાન સાચવવાનો રહેશે. જો કોઈ સામાન ખોવાશે તો તેની સઘળી જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે. આ બાબતે યજમાન સંસ્થા કે વ્યવસ્થાપકની કોઇ જવાબદારી રહેશે નહી.
    All the students participating in the competition have to keep their laptops, mobiles and other valuables safe. If any luggage is lost then it is the sole responsibility of the student. The host organization shall not be responsible for the same.